દાખલ તારીખ :– ૨૩/૦૨/૨૦૨૨
ફેંસલ તારીખ :– ૦૬/૦૪/૨૦૨૪
સમયગાળો :– વર્ષ મહિના દિવસ
૦૨ ૦૧ ૧૧

# અમદાવાદના અધિક મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, કોર્ટ નં.૧૯, અમદાવાદ.

---

## ક્રિમીનલ કેસ નંબર:–૨૦૭૩૦/૨૦૨૨
**(ચુકાદાની તારીખ:– ૦૬/૦૪/૨૦૨૪)**

| | | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
|---|---|---|
| પોલીસ સ્ટેશન | :– | વટવા પોલીસ સ્ટેશન, ગુ.ર.નં.પાર્ટ–એ/૧૬૫૯/૨૦૨૧ |
| ગુનો | :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩ અને ૭ |

### FORM-A

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩ અને ૭ |
| ફરિયાદી | :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી–ભારતીબેન હિમાંશુભાઈ મકવાણા) |
| વિ.એ.પી.પી.શ્રી | :– | શ્રી કે. કે. યોગી |
| આરોપીઓ | :– | ૧. હિમાંશુભાઈ જયંતિભાઈ મકવાણા,<br>૨. જયંતિભાઈ વાલજીભાઈ મકવાણા,<br>૩. જશોદાબેન જયંતિભાઈ મકવાણા,<br>૪. ચિરાગભાઈ જયંતિભાઈ મકવાણા,<br>રહે. મ.નં.૧૩૬ તથા ૧૩૭ મહેશ્વરી સોસાયટી, ખોડીયાર મંદિરની સામે, ગેરતપુર, તા.દશક્રોઈ, જી.અમદાવાદ. |
| આરોપીઓ તરફે વિ.વકીલશ્રી | :– | શ્રી જે.જી.શ્રીમાળી |

### FORM-B

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | :– | તા.૦૯/૧૦/૨૦૨૧ |
| ફરિયાદની તારીખ | :– | તા.૨૪/૧૧/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | :– | તા.૨૩/૦૨/૨૦૨૨ |

| | |
|---|---|
| તહોમત ફરમાવ્યાની તારીખ :– | તા.૨૭/૦૫/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :– | તા.૨૦/૦૬/૨૦૨૨ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :– | તા.૨૯/૦૩/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીઓની વિગતો :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br><br>૨.<br><br>૩.<br><br>૪. | હિમાંશુભાઈ જયંતિભાઈ મકવાણા।<br><br>જયંતિભાઈ વાલજીભાઈ મકવાણા।<br><br>જશોદાબેન જયંતિભાઈ મકવાણા।<br><br>ચિરાગભાઈ જયંતિભાઈ મકવાણા। | ૨૫/૧૧/૨૦૨૧<br><br>૨૫/૧૧/૨૦૨૧<br><br>૨૫/૧૧/૨૦૨૧<br><br>૨૫/૧૧/૨૦૨૧ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩ અને ૭ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |

**FORM-C**

## <u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

## (એ) <u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

### –: <u>મૌખિક પુરાવો</u> :–

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભારતીબેન શાંતિલાલ પરમાર | ફરિયાદી | ૦૮ |
| ૨. | શાંતિલાલ ક્રિષ્નાભાઈ પરમાર | સાહેદ | ૧૦ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૯ |

## બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત</u>

– આ કામે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.

## –: <u>ચુકાદો</u> :–

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે આરોપીઓએ ફરિયાદીના લગ્નની તા.૦૭/૦૫/૨૦૧૭ ના છ મહિના બાદથી આજદીન સુધી ફરિયાદીને ફરિયાદીની સાસરીમાં મ.નં.૧૩૬ તથા મ.નં.૧૩૭ મહેશ્વરી સોસાયટી ખોડીયાર મંદિરની સામે ગેરતપુર તા.દશક્રોઈ જી.અમદાવાદ ખાતે અવાર નવાર ઘરકામ તથા દહેજ બાબતે ફરિયાદીને માનસિક ત્રાસ આપી હેરાન કરી દહેજની માંગણી કરી તેમજ ફરિયાદીના પતિ આરોપી નં.૧ હિમાંશુ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ

ફરિયાદીના પિતાના ઘરે મ.નં.સી/૨૦૫ શૈલ્ય એપાર્ટમેન્ટ પુનીતનગર ખાતે આવી ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી ઝપાઝપી કરી ફરિયાદીના કુટુંબને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદીને અવાર નવાર ચારેય આરોપીઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરી ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી, બિભત્સ ગાળો બોલી, ઝપાઝપી કરી ફરિયાદીના કુટુંબને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આથી, ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ આપેલ હતી અને તેનાં અનુસંધાને વટવા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. પાર્ટ–એ/૧૬૫૯/૨૦૨૧ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩ અને ૭ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (''સંહિતા'') ની કલમ–૧૬૧ અન્વયે સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી અને તપાસનાં અંતે આરોપીઓની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓની સામે સંહિતાની કલમ –૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીઓને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ધ્વારા આંક–૦૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક–૦૪ થી આંક–૦૭ પ્લી નોંધવામાં આવેલ અને આરોપીઓ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ–સીમાં વર્ણવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી તથા મુળ ફરિયાદીની આંક–૧૧ ની પુરાવો પુરો થયાની પુરશીષથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીઓની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે આરોપીઓએ ફરિયાદીના લગ્નની તા.૦૭/૦૫/૨૦૧૭ ના છ મહિના બાદથી આજદીન સુધી ફરિયાદીને ફરિયાદીની સાસરીમાં મ.નં.૧૩૬ તથા મ.નં.૧૩૭ મહેશ્વરી સોસાયટી ખોડીયાર મંદિરની સામે ગેરતપુર તા.દશક્રોઈ જી.અમદાવાદ ખાતે અવાર નવાર ઘરકામ તથા દહેજ બાબતે ફરિયાદીને માનસિક ત્રાસ આપી હેરાન કરી દહેજની માંગણી કરી તેમજ ફરિયાદીના પતિ આરોપી નં.૧ હિમાંશુ તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ ફરિયાદીના પિતાના ઘરે મ.નં.સી/૨૦૫ શૈલ્ય એપાર્ટમેન્ટ પુનીતનગર ખાતે આવી ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી ઝપાઝપી કરી ફરિયાદીના કુટુંબને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદીને અવાર નવાર ચારેય આરોપીઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરી ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી, બિભત્સ ગાળો બોલી, ઝપાઝપી કરી ફરિયાદીના કુટુંબને જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ-૩ અને ૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

**:: કા ર ણો ::**

(૮.૦૧) **<u>મુદ્દા નં.૧ અને ૨:</u>**

આ કામમાં આરોપીઓની સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ-૩ અને ૭ મુજબનાં ગુનાનું તહોમત છે. ફરિયાદ પક્ષે આરોપીઓની સામેનાં તહોમતને પુરવાર કરવા માટે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પૃથ્થકરણ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના ત્રણ સિધ્ધાંતો મુખ્યત્વે પ્રસ્થાપિત થયેલ છે, જેમાં (૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે; (૨) આરોપી નિર્દોષ હોવાનું માનવાનું છે; અને,(૩) ફરિયાદ પક્ષના

પુરાવાનો બોજો કયારેય તબદીલ થતો નથી. આ રીતે, ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતો લક્ષમાં રાખી આ કેસમાં ફરિયાદ પક્ષે જે કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૮.૦૨) આ કામે ફરિયાદ પક્ષ તરફથી મુળ ફરિયાદી–ભારતીબેન શાંતિલાલ પરમારનો આંક–૦૮ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને વિમુખ થયેલા છે અને તેઓએ મુખ્યત્વે એવું જણાવેલ છે કે તેઓના લગ્ન આરોપી નં.૧ સાથે સાથે થયેલ હતા અને લગ્ન બાદ તેઓના પતિ સાથે ઘરસંસાર ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થતી હતી અને તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. આ ફરિયાદીએ વધુમાં જણાવેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ માનસિક કે શારીરિક દુ:ખ ત્રાસ આપેલ હોય કે મારઝૂડ કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે દહેજની માંગણી કરેલ હોય તેવું બનેલ નથી. આમ, આ ફરિયાદ પક્ષના સૌથી મહત્વના કહી શકાય તેવા મુળ ફરિયાદી ભોગ બનનાર પુરાવાને વંચાણે લેતા એ જણાય છે કે તેઓએ આંક–૦૯ વાળી ફરિયાદ કરેલ હતી પરંતુ તે ફરિયાદની હકીકતો તેઓએ તેઓના મૌખિક પુરવામાં લેશમાત્ર જણાવેલ નથી અને તે કારણસર તે સાબિત થતું નથી કે આરોપીઓએ ફરિયાદીને શારીરિક અને માનસિક ત્રાસ આપી, દહેજની માંગણી કરી, ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી, બિભત્સ ગાળો બોલી, ઝપાઝપી કરી અને ફરિયાદીના કુટુંબને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આમ, ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૮.૦૩) વધુમાં ફરિયાદ પક્ષ તરફથી સાહેદ–શાંતિલાલ ક્રિષ્નાભાઈ પરમારનો આંક–૧૦ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને વિમુખ થયેલા છે તેઓએ મુખ્યત્વે એવું જણાવેલ છે કે ફરીયાદી તેઓની દીકરી થાય છે અને તેઓની દિકરી ભારતીબેનના લગ્ન આ કામના આરોપી નં.૧ સાથે થયેલ હતા અને લગ્ન બાદ તેઓની દિકરીને સાથે ઘરસંસાર ચલાવવા બાબતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતી હતી અને તે સિવાય બીજું કંઈ બનેલ નહી. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે આરોપીઓએ તઓની દીકરીને કોઈ માનસિક કે શારીરિક દુ:ખ ત્રાસ આપેલ હોય કે મારઝૂડ કરેલ હોય કે ધમકી આપેલ હોય કે ગાળો બોલેલ હોય કે દહેજની માંગણી કરેલ હોય તેવું બનેલ નથી. આમ,

આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની કે ફરિયાદની કે બનાવની હકીકતોને સમર્થન આપેલું ન હોય, આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ હોવાનું સ્વિકારી શકાય તેમ નથી.

(૮.૦૪) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, આ કેસમાં મુળ ફરિયાદી–ભારતીબેન શાંતિલાલ પરમાર (આંક–૦૮) તથા સાહેદ–શાંતિલાલ ક્રિષ્નાભાઈ પરમાર (આંક–૧૦) નાઓનો પુરાવો જોતા તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ સાહેદો વિમુખ થયેલા છે. આમ, આ કેસમાં ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવાથી એ સાબીત થતું નથી કે આરોપીઓએ ફરિયાદીને શારીરિક અને માનસિક ત્રાસ આપી, દહેજની માંગણી કરી, ફરિયાદીસાથે બોલાચાલી ઝઘડો કરી, બિભત્સ ગાળો બોલી, ઝપાઝપી કરી અને ફરિયાદીના કુટુંબને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આ સંજોગોમાં ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના સબળ અને સચોટ તેમજ વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૮.૦૫) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, એ હકીકત ચોકકસ પુરાવામાં રેકર્ડ પર આવેલ છે કે આ કામે ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદોએ સમર્થનકારક પુરાવો આપેલ નથી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કે જે સતીષ વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન – ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ ૮૫ ના કેસમાં આપવામાં આવેલ છે તેમાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નોંધેલ છે કે જયારે મહત્વના સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની પ્રક્રિયા પુરી કરવી આવશ્યક નથી. આમ, સદરહું ચુકાદાનો સિધ્ધાંત હાલના કેસને સંપૂર્ણપણે લાગુ પડે છે. વધુમાં ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂઘ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજૂ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એક બીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. નામદાર ગુજરાતની વડી અદાલતનો ચુકાદો કે જે ૨૦૦૭ (૨) જી.એલ.એચ.૨૧૬ માં પ્રદર્શિત થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આ કેસમાં ફરિયાદ પક્ષના રજૂ પુરાવાથી આ કામના આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩ અને ૭ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે

પુરવાર કરેલ હોવાનું માની શકાય તેમ નથી. આથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(ક) આ કામનાં આરોપી નં.૧–હિમાંશુભાઈ જયંતિભાઈ મકવાણા, આરોપી નં.૨–જયંતિભાઈ વાલજીભાઈ મકવાણા, આરોપી નં.૩–જશોદાબેન જયંતિભાઈ મકવાણા, આરોપી નં.૪–ચિરાગભાઈ જયંતિભાઈ મકવાણા, રહે. મ.નં.૧૩૬ તથા ૧૩૭ મહેશ્વરી સોસાયટી, ખોડીયાર મંદિરની સામે, ગેરતપુર, તા.દશક્રોઈ, જી.અમદાવાદ વાળાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩ અને ૭ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ખ) આરોપીઓનાં અગાઉનાં જાતમુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ગ) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપી નાઓએ રૂ.૫,૦૦૦/– ના જાત મુચરકા તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૦૬ઠ્ઠી માહે–એપ્રિલ સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૬/૦૪/૨૦૨૪

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯,અમદાવાદ.
(કોડ નં.જીજે ૦૦૮૮૬)

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઈ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ:-૦૬/૦૪/૨૦૨૪
સ્થળ :-અમદાવાદ.

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ નં.જીજે ૦૦૮૮૬)

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. | |
| ૨ | ચુકાદો આખો ચેક વેરીફાઈ કરેલ છે. | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. | |